eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 329
Jun 14, 2013

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં મે. એડી. સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબના માર્ગદર્શન હેઠળ કરેલ કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં મે.એડી. સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના તથા એન્જીયરીંગ વિભાગ દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩ નાં રોજ નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ)માં આવેલ પારસ પોલીસ ચોકીથી પીપલ્સ બેંક ચાર રસ્તાથી ગજેરા સર્કલ થઈ કતારગામ પોલીસ ચોકી તરફ જતાં કતારગામ મેઈન રોડ,...

વધુ માટે કલીક કરો >>>>>>



## કુપોષણ નિવારણ અંતગર્ત આંગણવાડી કાર્યકર બહેનોને માર્ગદર્શન આપવા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા આંગણવાડી દત્તક લઈ લોકભાગીદારી ઉભી થાય તે હેતુસર જાગૃતિ શિબિરનું આયોજન

કુપોષણ એક રાષ્ટ્રીય અને સામાજિક સમસ્યા હોઈ રાજય સરકાર ધ્વારા ભવિષ્યની પેઢીને કુપોષણથી મુકત કરવા જયારે અથાગ પ્રયાસો થઈ રહયા હોય ત્યારે સુરત મહાનગરપાલિકા પણ કેમ બાકાત રહે ? કુપોષણ નિવારણ અંતગર્ત આંગણવાડી કાર્યકર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે મે ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૩ દરમ્યાન ૩૮૬૦ ઈન્ડોર તથા ૩૮૧૦૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૧૧૭ તથા ૫૮૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૨૫૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૬૫ અને જુના ૧૭૭૩ દર્દીઓ સહિત કુલ ૨૨૩૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા....

વધુ માટે કલીક કરો >>>>>>

## વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જા તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા સુનિયોજિત કામગીરી



વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જા તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા જન–જાગૃતિ અભિયાનના ભાગરૂપે પાલ હજીરા રોડ ખાતે "કેબલ સ્ટ્રેઈડ બ્રીજ " ની સાઈટ ખાતે ગેમન ઈન્ડીયા લી. ના સહકાર સાથે આરોગ્ય લક્ષી શિક્ષણ આપવા બાબત

સુરત શહેરમાં હાલની ચોમાસાની ઋતુની પવતેમાન પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે અને મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવાં રોગો ફેલાવતાં મચ્છરોની ઓળખ જીવનચક્ર, રોગોને લગતાં લક્ષણો તેની સારવાર પધ્ધતિ અને લોકોએ લેવાં જોગ કાળજી સંબંધી જાણકારી મળી રહે તે માટે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં નીચે જણાવેલ વિસ્તારોમાંથી ચોમાસા દરમ્યાન રસ્તા ઉપર પડેલ બાંધકામનું મટીરીયલ જપ્ત કરી વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે

ડ્રા.ટી.પી. સ્કીમ નં.૧૮ (મોટા વરાછા) માં ફા.પ્લોટ નં.૮ ને લાગુ ૧૫૦ ફુટના ટી.પી. રસ્તા પરથી કુલ ૨૦ (વીસ) સી.એમ. રેતી જપ્ત કરી કુલ રૂા.૩૦૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં અવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૧૨/૦૬/૨૦૧૩ ના બુધવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશેનની કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી. સ્કીમ નં.૨૪(ટુંકી) ફા. પ્લોટ નં.૮૦ માં આવેલ રીવરવ્યુ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં પ્લોટ નં.૬૯ થી નોંધાયેલ અને ઈન્ડસ્ટ્રીયલ વકર્સના હાઉસીંગ માટેના રીઝર્વેશન પ્લોટ નં.૮૦ ની અસર હેઠળ આવેલ હયાત ગ્રા.ફલોરની ફેકટરીમાં માળ લેવાના ઈરાદે મંજૂરી વિના પહેલા માળે શરૂ કરેલ ચણતરની દિવાલ સહિતનું આશરે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં મે. એડી. સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબના માર્ગદર્શન હેઠળ કરેલ કામગીરીઃ–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં મે.એડી. સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના તથા એન્જીયરીંગ વિભાગ દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩ નાં રોજ નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ)માં આવેલ પારસ પોલીસ ચોકીથી પીપલ્સ બેંક ચાર રસ્તાથી ગજેરા સર્કલ થઈ કતારગામ પોલીસ ચોકી તરફ જતાં કતારગામ મેઈન રોડ, વિસ્તારમાં સફાઈ અભિયાન, સ્ક્રેપીંગ બ્રશીંગ, ખાડા પુરાણ કરવા માટે ગ્રાઉટીંગ, ઘરોની ટાંકીઓ, ટેરેસ, ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવા તથા પેચ વર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ. આ કામગીરીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, આસી. જંતુનાશક અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રીઓ, જુની. ઈજનેરશ્રીઓ સ્થળ પર હાજર રહી ૭ ટેકનીકલ આસીસ્ટન્ટ, ૨ ચીફ સેનેટરી ઈન્સપેકટર, ૩ સેનેટરી ઈન્સપેકટર, ૩ સેનેટરી સબ ઈન્સપેકટર તથા ૧૧૫ બેલદારોની ટીમ ધ્વારા સમગ્ર રસ્તા પર ૧૦૦૦ ચો.મી. સ્ક્રેપીંગ બ્રશીંગ માટેનાં ઢગલા ઉપાડવા તથા સફાઈ કરવા, ખાડા પુરાણ કરવા માટે ૫૭૫ ચો.મી. ગ્રાઉટીંગ કરવામાં આવેલ. ૩૯૧૫ ઘરોની ટાંકીઓ, ટેરેસ,ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવામાં આવેલ તથા ૫૭૫ ચો.મી. પેચ વર્કની કામગીરી કરવામાં આવેલ. તદ્દપરાંત કતારગામ ઝોનનાં અલગ અલગ વિસ્તારનાં ૧૨૪૫ જેટલી બહેનોને ભેગા કરીને મચ્છરની ઉત્પત્તિ અટકાવવા બાબતોની સમજણ આપવામાં આવી. રહેણાંક વિસ્તારોમાં અગાશી/ધાબાનાં તપાસ કરવામાં આવતા અગાશી/ધાબાનું લેવલીંગ ન હોવાને મેલેરીયાનાં મચ્છરોની ઉત્પત્તિ થવાની શકયતા રહેલ હોય, જે રૂબરૂમાં બતાવી અગાશી/ધાબાનું લેવલીંગ કરવા માટે સમજણ આપવામાં આવી. વધુમાં, જુની જી.આઈ.ડી.સી. સહજાનંદ સો. અલ્પાનગર, આમ્રકુંજ, ખોડીયારનગર વિસ્તારોમાં અગાશી, છાપરાં અને વાડાનાં ભાગમાં આવેલ ૩૨૭ જેટલા નાકામાં ટાયરો, ડ્રમ, માટલા, કેરબા, પડતર સામાનનો જપ્ત કરીને નાશ કરવામાં આવેલ છે. સદર અભિયાનમાં ૩ રોલર, ૩ જે.સી.બી. મશીન તથા ૬ ડમ્પરોનો ઉપયોગ કરવામાં આવેલ.

TOP

## કુપોષણ નિવારણ અંતગર્ત આંગણવાડી કાર્યકર બહેનોને માર્ગદર્શન આપવા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા આંગણવાડી દત્તક લઈ લોકભાગીદારી ઉભી થાય તે હેતુસર જાગૃતિ શિબિરનું આયોજનઃ–



કુપોષણ એક રાષ્ટ્રીય અને સામાજિક સમસ્યા હોઈ રાજય સરકાર ધ્વારા ભવિષ્યની પેઢીને કુપોષણથી મુકત કરવા જયારે અથાગ પ્રયાસો થઈ રહયા હોય ત્યારે સુરત મહાનગરપાલિકા પણ કેમ બાકાત રહે ? કુપોષણ નિવારણ અંતગર્ત આંગણવાડી કાર્યકર બહેનોને માર્ગદર્શન આપવા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા આંગણવાડી દત્તક લઈ લોકભાગીદારી ઉભી થાય તે હેતુસર આજરોજ તા.૦૬/૦૬/૨૦૧૩ ગુરુવાર સવારે ૧૦.૦૦ થી ૩.૦૦ ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા ખાતે જાગૃતિ શિબિરનું આયોજન સુરત મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગ ધ્વારા કરવામાં આવેલ હતું.

આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ હાજર રહેલ તેમજ નવસારી મત વિસ્તારના સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલ, નેતાશ્રી શાસકપક્ષ શ્રી દયાશંકર સિંહ, સંસ્કુતિ સમિતિના ચેરમેન શ્રીમતિ ઉર્વશીબેન રામીમાળી, લાઈટ અને ફાયર સમિતિના ચેરમેન શ્રી જી.સી.ગોપાણી, ગાર્ડન સમિતિના ચેરમેન શ્રીમતી મીનાબેન હિંગુ, ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) શ્રી આર.જે પટેલ, આરોગ્ય અધિકારી શ્રી ડો. હેમંત દેસાઈ તેમજ અન્ય મહાનુભાવો અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા.

સમારંભના શરૂઆતના આંગણવાડી કાર્યકર બહેનો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. સ્વાગત પ્રવચનમાં ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર.જે. પટેલે જણાવ્યું હતું કે સુરત શહેર બધી રીતે સમૃધ્ધ હોય કુપોષણ અટકાયત બાબતે પણ સમૃધ્ધિ દાખવવી પડશે. આ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા વ્યકિતગત રીતે પણ આંગણવાડી દત્તક લઈ લોકભાગીદારી ઉભી કરી મનવસેવાના આ પુણ્ય કાર્યમાં સહભાગી થઈ શકે. જયારે બનાસકાંઠા અને તાપી જિલ્લા જેવા ટ્રાઈબલ જિલ્લાઓમાં આંગણવાડીમાં દૂધ શાકભાજી, ફળ અને ગોળ દાનમાં આપી રહ્યા છે ત્યારે સુરતના આગેવાનોએ પણ શહેરના બાળકો માટે દાનની સરવાણી વહેવડાવી જોઈએ. તેમણે **"ભગવાનનો ભાગ"** ટેલીફિલ્મ ધ્વારા કુપોષણ દૂર કરવા લોકભાગીદારી કેવી રીતે ઉભી કરી શકાય જે અંગે વિસ્તૃત સમજ આપી. જેમાં મા. મુખ્ય મંત્રીશ્રીનું પ્રેરક પ્રવચન રજુ કર્યું. મા. સાંસદશ્રી સી.આર.પાટીલે પ્રસંગ અનુરૂપ ઉદ્‌બોધન કરી યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું. માન. મેયરશ્રીએ આંગણવાડી ધ્વારા થતી કામગીરી બાબતે જણાવ્યું તેમજ કુપોષણ સામેનો જંગ આપણે સૌ સાથે મળી સહિયારા પ્રયાસથી જીતવો પડશે. અને તો જ ઈશ્વર તુલ્ય બાળક માટે પુણ્ય કમાયાનો આત્મસંતોષ મેળવી શકીશું. તેમણે જણાવ્યું કે સુરત મહાનગરપાલિકાએ એક વર્ષમાં ત્રણસો પાકા મકાન આંગણવાડી માટે બનાવવાનું લક્ષ રાખેલ છે. તેમજ અક્ષયપાત્ર સંસ્થા ધ્વારા આંગણવાડીના ૨૫,૦૦૦ બાળકોને બપોરને ગરમ આહાર આપવા વાર્ષિક ૧ કરોડ ૩૫ લાખ રૂપિયા મહાનગરપાલિકાના સ્વભંડોળમાંથી જોગવાઈ કરવાનું જણાવ્યું.

સંભારંભમાં કુલ ૧૦ સ્વૈચ્છિક સંસ્થાઓ હાજર રહી અને તે પૈકી મોદી સર્મથક મહિલા મંડળ વતી ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે ઉધના અને લિંબાયત ઝોનની ૫૬૮ આંગણવાડી પર અઠવાડિયામાં બે દિવસ ફણગાવેલા બાફેલા મગ આપવાનું જણાવ્યું. તેમજ શાંતિકૃપા મહિલા મંડળ ધ્વારા વરાછા ઝોનની નવ આંગણવાડીઓ દત્તક લેવાની જાહેરાત કરી.

ડો. વિજય શાહ બાળ રોગ નિષ્ણાંત, નવી સિવીલ હોસ્પિટલ, સુરત ધ્વારા નવજાત શીશુ સારસંભાળ અને કુપોષણ અટકાયત અંગેની વિસ્તૃત સમજ આપી. ડો. અશ્વિન વાછાણી સ્ત્રી રોગ નિષ્ણાંત, સ્મીમેર હોસ્પિટલ ધ્વારા સગર્ભા અને ધાત્રી માતાની સારસંભાળ અંગે સમજ આપી. ડો. વિકાસબેન દેસાઈ ધ્વારા કુપોષણ અટકાવવા લોકભાગીદારીનું મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી. આ સમારંભમાં ડો. ધીરેનભાઈ પટેલ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં મેડીકલ ઓફિસરશ્રી ડો. એચ. કે. સોંધરવા ધ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર.જે.પટેલ તેમજ આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈના નેતૃત્વ હેઠળ આઈ.સી.ડી.એસ. વિભાગ ધ્વારા કરવામાં આવ્યું તથા સ્વચ્છ અને સુંદર શહેરમાંથી એકપણ બાળક કુપોષણવાળું ન રહે તે અંગે સહિયારો પ્રયાસ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

TOP

## માહે મે ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલઃ–

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૩ દરમ્યાન ૩૮૬૦ ઈન્ડોર તથા ૩૮૧૦૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૧૧૭ તથા ૫૮૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૨૫૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૬૫ અને જુના ૧૭૭૩ દર્દીઓ સહિત કુલ ૨૨૩૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૧૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૬૯૦ તથા આંખ વિભાગમાં ૨૫૫૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૪૬૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

TOP

## વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જા તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા સુનિયોજિત કામગીરીઃ–



વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જા તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૦૭/૦૬/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૧૧–૦૦ કલાકે, ગાંધી સ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે. કમિશનરશ્રી ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરી મીટીંગના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું કે, આપત્તિ સમયે મોટાપાયા પર અસર થાય ત્યારે નાગરિકો– સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સુનિયોજિત કામગીરી થાય , સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકલન કરવા અર્થે ઝોન કક્ષાએ પણ બેઠકો થાય છે. આ વર્ષે પણ થયેલ છે. હવે શહેર કક્ષાની બેઠક સુરત મહાનગરપાલિકા ધ્વારા છે, પ્રિ–મોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપ પ્રેઝન્ટેશન હકારાત્મક અને શહેરને ઉપયોગી નીવડે તેવા સૂચનો આવકારવામાં આવે છે.

ત્યારબાદ ડે. કમિશનર શ્રી આર.જે. પટેલ, આઈ.એ.એસ. ધ્વારા પ્રેઝન્ટેશન રજુ કરી શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીનો ભરાવાને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ પુર્વ તૈયારી જેવી કે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેર્ડનેશ પ્લાનની વિગતો અદ્યતન કરી મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારીઓ પૈકી કોણ, કયાં શું કામગીરી કરશે, તેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલડ ગેગ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીંગ / મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, ઝોન કક્ષાએ ઝોન વાર / વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ /મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીત તેમજ "પ્રિવેન્સન ઓફ એપીડેમીકસ પિપર્ડનેશ" સંદર્ભે ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે તેવા સમયે પાણીજન્ય રોગો, કિટક જન્ય રોગ, વાયરલ ફીવર, લેપ્ટો જેવાનાં અટાકાયતી માટે આરોગ્ય વિભાગની પૂર્વ તૈયારીની વિગતવાર માહિતીનું નિર્દેશન કરવામાં આવ્યું. સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે, તેની ભૂમિકાની પણ વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતા ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો ધ્વારા મહાનગરપાલિકાના કાર્યોમાં સંપુર્ણ સહકારની ખાતરી આપવામાં આવી તેમજ તેઓ ધ્વારા ઉપયોગી સુચનો પણ કરવામાં આવેલ.

માન. મેયરશ્રીઓ પ્રથમ નાગરિક તરીકેના પ્રસંગોચીત ઉદ્દબોધનમાં વ્યવસ્થાપન – આપત્તિ વ્યવસ્થાપન યોજનાથી આફત અને તે પ્રત્યેના પ્રતિભાવ વચ્ચેના સમયને શકય તેટલો ધટાડી, સંપત્તિ અને જાનમાલની નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય, તે સાથે મહાનગરપાલિકા ધ્વારા આ પ્રકારના આયોજન થકી લોકજાગૃતિ આવકારદાયક રીતે વધી રહી હોવાનું પણ જણાવ્યુ. અમેરિકા જેવા મોટા દેશમાં પણ પૂર, વાવાઝોડા પરિસ્થિતિમાં જીવન–ધોરણ મહિનાઓ સુધી થાળે પાડી શકયા નથી, જયારે સુરત શહેરમાં વર્ષ–૨૦૦૬ ના પૂર બાદ સ્વૈચ્છિક સંસ્થાઓના મોટા પ્રમાણમાં સહયોગથી ટૂંકા સમયમાં શહેરને ધબકતું કરવામાં લોકભાગીદારીનું પણ ઉત્તમ ઉદાહરણ માની શકાય. માન. લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પણ પરિકલ્પના છે કે, **" મૈં નહી હમ "** અને આ પરિકલ્પના સુચારૂ રીતે ચરિતાર્થ કરવામાં આપણ સૌ " ટીમ સુરત" તરીકે સહભાગી થઈએ એ જ અભ્યર્થતા સાથે આભાર પ્રગટ કરવામાં અવ્યો.

મીટીંગના અંતમાં નેતા (શાસક પક્ષ) શ્રી દયાશંકર સિંહ ધ્વારા પોતાનો પ્રતિભાવ તથા આભાર વ્યકત કરવામાં આવ્યો.

ઉપરોકત કાર્યકમમાં મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, નેતા–શાસકપક્ષ શ્રી દયાશંકર સિંહ વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કમિશનર શ્રી મનોજકુમાર દાસ, સર્વે ડે. કમિશનર શ્રી આર. જે. પટેલ, શ્રી જે.એમ. પટેલ, શ્રી સી. વાય. ભટ્ટ, સર્વે એડી. સીટી ઈજનેર શ્રી કે. એસ. પટેલ, શ્રી કે. એચ. ખતવાણી, શ્રી બી. આઈ.દલાલ, શ્રી એ.જી. ખાટીવાલા, ઝોનલ ઓફિસર / કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઝોનના સદર કામગીરીને સંલગ્ન સ્ટાફ સાથે હાજર રહ્યા હતા. ઉપરાંત શહેર નામી સ્વૈચ્છિક સંસ્થાઓ સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેર સૌરાષ્ટ્ર કડવા પટેલ મહીલા મંડળ અકસ્માત નિવારણ કેન્દ્ર, સેઈલર સ્પોર્ટ કલબ, સુરત રકતદાન કેન્દ્ર, શ્રી રામકુષ્ણ એક્ષપોર્ટ, રોકડીયા હનુમાન, સર્વધર્મ ઉત્સવ સમિતિ, શંખ ધ્વનિ કલબ વિગેરેના હોદ્દેદારો/ પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રગણી નાગરીકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

TOP

## હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા જન–જાગૃતિ અભિયાનના ભાગરૂપે પાલ હજીરા રોડ ખાતે "કેબલ સ્ટ્રેઈડ બ્રીજ " ની સાઈટ ખાતે ગેમન ઈન્ડીયા લી. ના સહકાર સાથે આરોગ્ય લક્ષી શિક્ષણ આપવા બાબતઃ–

સુરત શહેરમાં હાલની ચોમાસાની ઋતુની પવતેમાન પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે અને મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયા જેવાં રોગો ફેલાવતાં મચ્છરોની ઓળખ જીવનચક્ર, રોગોને લગતાં લક્ષણો તેની સારવાર પધ્ધતિ અને લોકોએ લેવાં જોગ કાળજી સંબંધી જાણકારી મળી રહે તે માટે પશ્ચિમ ઝોન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે આજરોજ તા.૧૧/૦૬/૨૦૧૩ ના રોજ પાલ–હજીરા ખાતે "કેબલ સ્ટ્રેઈડ બ્રીજ" ના **"GAMMON INDIA LTD,"** ના તમામ સ્ટાફને આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જેમાં ઓડીયો–વીડીયો વિજયુલ તથા લાઈવ ડેમોસ્ટ્રેશન ધ્વારા મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો તેનાથી ફેલાતાં મલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયા રોગોના લક્ષણો તેમજ તેનાં ફેલાવો અટકાવવા લેવા જોગ સાવચેતીના પગલાંની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. ઉપરાંત આ સાઈટ ઉપર પાણીના ભરાવા દૂર ન થઈ શકે તેમ હોય તો સમયાંતરે ઓઈલ/ડીઝલનો છંટકાવ કરી મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા માહિતગાર કરવામાં આવ્યા. સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી ખાતાકીય કામગીરીમાં પણ તેઓના ધ્વારા સંપૂર્ણ સહકાર આપવાની બાહેંધરી આપવામાં આવેલ.

સમગ્ર કાર્યવાહી મે. કમિશનરશ્રીના આદેશાનુસાર એડી. સીટી. ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી પશ્ચિમ ઝોન ના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા આસી. જંતુનાશક અધિકારી ધ્વારા સુપેર્ર પાડ પાડવામાં આવેલ, સમગ્ર કાર્યવાહી દરમ્યાન સાઈટ ઉપર મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડતા કુલ ૨૧ જેટલાં ટાયર સહિત ડ્રમ–પીપ જેવાં સાધન સામગ્રી જપ્ત કરવામાં આવેલ. અને તેમના સાઈટ પરના મજુરો અને સુપરવાઈઝરો સ્ટાફની મેલેરિયા પરિક્ષણ અર્થે ૧૦૪ બ્લડ સ્મીયર પણ લેવામાં આવેલ છે.

આથી સુરત શહેરની જાહેર જનતા સહિત અગ્રણી સંસ્થાઓને અપીલ કરવામાં આવે છે કે હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન ની કામગીરીમાં સાથ–સહકાર આપી સહભાગી થવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં નીચે જણાવેલ વિસ્તારોમાંથી ચોમાસા દરમ્યાન રસ્તા ઉપર પડેલ બાંધકામનું મટીરીયલ જપ્ત કરી વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે:–

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૧૮ (મોટા વરાછા) માં ફા.પ્લોટ નં.૮ ને લાગુ ૧૫૦ ફુટના ટી.પી. રસ્તા પરથી કુલ ૨૦ (વીસ) સી.એમ. રેતી જપ્ત કરી કુલ રૂા.૩૦૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં અવેલ.

(૨) ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા. પ્લોટ નં.૨૨૮ પૈકી પંચરત્ન ટાવર પાસે ૫(પાંચ) સી.એમ. કપચી જપ્ત કરી રૂા.૫૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

(૩) ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા. પ્લોટ નં.૧૫૭ પૈકી વરાછા પોલીસ સ્ટેશન સામેથી રૂા.૨૦૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ.

(૪) ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા), ફા.પ્લોટ નં.૮૦ પૈકી તાપી ઈન્ડસ્ટ્રીઝ પાસેથી ૫(પાંચ) સી.એમ. કપચી જપ્ત કરવામાં આવેલ.

(૫) ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા) માં શ્રીજી કૃપા ઈન્ડસ્ટ્રીઝ પાસેથી ૨(બે) સી.એમ. કપચી જપ્ત કરવામાં આવેલ.

(૬) ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા), ફા. પ્લોટ નં.૫૪ પૈકી પાસેથી ૭(સાત) સી.એમ. રેતી જપ્ત કરવામાં આવેલ.

(૭) ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા. પ્લોટ નં.૩૧ પૈકી પાસેથી ૫ (પાંચ) સી.એમ. રેતી તથા રૂા.૧૫૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૭૦૦૦૦/– વસુલ લીધેલ છે. તથા આગામી દિવસોમાં વધુ સઘન ઝુંબેશ કરી રસ્તા પરનું બાંધકામનું મટીરીયલ જપ્ત કરવામાં આવશે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૧૨/૦૬/૨૦૧૩ ના બુધવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશેનની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૨૪(ટુંકી) ફા. પ્લોટ નં.૮૦ માં આવેલ રીવરવ્યુ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં પ્લોટ નં.૬૯ થી નોંધાયેલ અને ઈન્ડસ્ટ્રીયલ વકર્સના હાઉસીંગ માટેના રીઝર્વેશન પ્લોટ નં.૮૦ ની અસર હેઠળ આવેલ હયાત ગ્રા.ફલોરની ફેકટરીમાં માળ લેવાના ઈરાદે મંજૂરી વિના પહેલા માળે શરૂ કરેલ ચણતરની દિવાલ સહિતનું આશરે ૫૦૦ ચો. ફૂટ માપ વિસ્તારમાં બાંધકામ દુર કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી માટે વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૫૧ (ડભોલી) બાલાજીનગર સોસાયટી વિભાગ–૧ માં સબ પ્લોટ નં. ૧૩૦, ૧૩૧ માં બીજામાળે આર.સી.સી. સ્લેબ તથા પેરાપેટ વોલ સહિતનું અંદાજે ૯૦૦ ચો. ફુટ જેટલું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ પાર્કિંગમાં દુકાન બનાવવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૧૨૦૦ ચો. ફુટ જેટલું ચણતર કામ દુર કરી પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

TOP